આત્મ આરાધ્ય ચાતુર્માસ અર્થે

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો

# ભવ્યાતિભવ્ય નગરપ્રવેશ

JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 17 | Issue 03 | Mumbai | July - 2026| Price Rs. 5/- | Pages : 28




• માનવતાના સત્કાર્યો સાથે સર થયું ચાતુર્માસનું પ્રથમ સોપાન •

• વિવિધતાથી શોભતી સ્વાગતયાત્રાએ સર્જ્યો કલ્યાણનો પડઘમ •

• 75થી વધુ સંયમી આત્માઓની નિશ્રામાં હર્ષવિભોર બન્યો ચતુર્વિધ સંઘ •

• રોમ-રોમથી વહેતી ભક્તિધારા, ધર્મધ્વજ અને જયઘોષથી ગુંજી ઊઠ્યું મુંબઈ •

• અનેક શ્રીસંઘો, આગેવાનો, રાજનેતાઓએ કર્યા પરમ ગુરુદેવના અહોભાવપૂર્ણ વધામણા •

• અંતરિક્ષમાં બિરાજમાન ગુરુવર્યો અને ઉપકારી આત્માઓને લખાઈ ચાતુર્માસની આમંત્રણ પત્રિકા •

# હે તપસમ્રાટ પ્યારા

**પ્રીત છે તુજ સંગ એવી ન શરત છે કોઈ... હે તપસમ્રાટ પ્યારા!**
**કે જગમાં વસુ પણ તમને જ સમરું... હે તપસમ્રાટ મારા...**

છે અટૂટ વિશ્વાસ.. ના છોડશો મારો સાથ...
સદા માથે રાખજો.. આપ હાથ...
હારુ ના.. થાકુ ના.. એક છે આપણા મન...
ધબકે છે તારું હૃદય... મારામાં...
પ્રીત છે તુજ સંગ એવી ન શરત છે કોઈ... હે તપસમ્રાટ પ્યારા!
કે જગમાં વસુ પણ તમને જ સમરું... હે તપસમ્રાટ મારા...

પ્રેમસભર ગુરુ આપે સુધાર્યું, કદી ના કઠોર થયા..
અર્થસભર જીવનને ઘડી, સાચા પંથે લઈ ગયા..
મૌન રહી તે શાશ્વત સુખનો સાર આપી દીધો,
ખોબામાં મારા અમૃતનો મહાસાગર આપી દીધો...
પ્રીત છે તુજ સંગ એવી ન શરત છે કોઈ... હે તપસમ્રાટ પ્યારા!
કે જગમાં વસુ પણ તમને જ સમરું... હે તપસમ્રાટ મારા...

શબ્દો સદા ઓછા પડે.. સ્તુતિ તારી કરવા રે..
અલગારી અવધૂત તમે.. ના કોઈ એની તોલે રે..
મૌન રહી તે શાશ્વત સુખનો સાર આપી દીધો,
ખોબામાં મારા અમૃતનો મહાસાગર આપી દીધો...
પ્રીત છે તુજ સંગ એવી ન શરત છે કોઈ... હે તપસમ્રાટ પ્યારા!
કે જગમાં વસુ પણ તમને જ સમરું... હે તપસમ્રાટ મારા...

સ્મરણ કરું હું જ્યારે જ્યારે, હાજરા હજૂર તું ત્યારે ત્યારે,
સ્મરણ કરું હું જ્યારે જ્યારે...
હે ગુરુદેવ... હે ગુરુદેવ... હે ગુરુદેવ... હે ગુરુદેવ...

To listen Song
Scan QR Code



હે ગુરુદેવ! અમારા તારણહાર...
આપના ઉપકારો અનંત છે... આપની કરુણાનો કોઈ પાર નથી...
આપની અવિરત કરુણા અનેક શિષ્યોને તારે છે...
અને અબોલ જીવોના કલ્યાણનું પણ કારણ બને છે.

**આપના સાંનિધ્યથી મોટું કોઈ સૌભાગ્ય નથી.**

આપના સાંનિધ્યથી અનેક આત્માઓને સાચી દિશા મળી છે...
આપના વચનોએ માત્ર વિચારો નથી બદલ્યા,
પરંતુ જીવન જીવવાની દૃષ્ટિ બદલી છે.

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને**
**ગુરુપૂર્ણિમાના પાવન અવસરે,**
**ભાવભર્યા વંદન સાથે હાર્દિક શુભેચ્છા અભિવંદના !**

**- શ્રી શાહ પરિવાર**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th July 2026, YEAR: 25, ISSUE - 304
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

## ગુરુ અને શિષ્યનો સંબંધ...
## એ માત્ર સંબંધ નથી..
## પણ સંબોધન વિનાનું સંવેદન હોય છે !

જેમાં ભાવ હોય, અનુભૂતિ હોય, અદૃશ્ય કૃપા હોય, અનંતી કરુણા હોય..!
એક તરફ શિષ્યના અંદરમાં ભક્તિથી ધબકતું હૃદય હોય...
તો બીજી તરફ ક્ષણે-ક્ષણે
**ગુરુના 'Unseen Hands'**
નો પ્રભાવનો અનુભવ હોય...

આવો, વાંચીએ અને સમજીએ...
આ દિવ્ય ગુરુ-શિષ્ય સંબંધની બે અદ્વિતીય અનુભૂતિઓ...
જૈન-ક્રાંતિના આ ગુરુપૂર્ણિમા વિશેષ અંકમાં!!

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

**TO KNOW MORE ABOUT**
**PUJYA GURUDEV**
**CONTACT ON: +91-9860905678**

# ગુરુપૂર્ણિમા અવસરે...આવો, જાણીએ એ UNSEEN HANDSને!

ગુરુપૂર્ણિમા અવસર એટલે ગુરુ-શિષ્યના bondingને strong કરવાનો અદ્દભૂત અવસર...એ bondingને realise કરવાનો શ્રેયસ્કર અને એ bondingના પ્રભાવને...એની impactને અનુભવવાનો અનન્ય અવસર!

ઈતિહાસના પાનાઓ પર અંકિત ગુરુ-શિષ્યની જોડી, યુગો-યુગોથી આ અનન્ય અનુભૂતિની સાક્ષી છે.

કોઈપણ બે વ્યક્તિ જ્યારે એકબીજાના સંપર્કમાં આવે, એકબીજા સાથે રહે, ત્યારે બંનેના natureની, ભાવોની, habitsની અને life styleની effect એકબીજા પર થતી હોય છે.

જ્યારે ગુરુ-શિષ્યના અનન્ય bondingમાં ગુરુ એક અસાધારણ પ્રતિભાના ધારક હોય છે, એમનું આત્મિક અને આધ્યાત્મિક level , એમની સાધનાની ઉત્કૃષ્ટતા અને સિદ્ધિઓની પરાકાષ્ટા શિખર પર હોય છે, જ્યારે શિષ્ય હજી તળેટીના level પર હોય છે, શિખરે પહોંચવા પગથિયાં ચઢવાનો પુરુષાર્થ કરી રહ્યો હોય છે, માટે જ, ગુરુની શિષ્ય પર થતી effect એ effect નહીં, 'પ્રભાવ' હોય છે, જે શિષ્યના આત્મહિત, શ્રેય અને કલ્યાણ માટે હોય છે.

**ગુરુનો પ્રભાવ એટલે શિષ્ય દ્વારા અનુભવાતી ગુરુની Invisible કૃપા.. ગુરુના unseen hands દ્વારા સમયે-સમયે અનુભવાતો કલ્યાણકારી support!**

જેવા ભાવ હોય, એવો પ્રભાવ અનુભવાય.

જેટલાં શિષ્યના ભાવ ઉત્કૃષ્ટ એટલી પ્રભાવની અનુભુતિ extreme!

ભાવને વ્યક્ત કરવા મન, વચન અને કાયાના યોગો હોય, જ્યારે 'પ્રભાવ' એ ભાવની પાછળનું અદશ્ય પરિબળ હોય, જે માત્ર આત્માથી અનુભવાય!




# શું હોય આ ગુરુનો પ્રભાવ ?

અનાદિ અંનતકાળ પછી અંનત આત્માએ કોઈ એક આત્માને ગુરુનો યોગ-સંયોગ પ્રાપ્ત થાય છે. ગુરુના ચરણ શરણમાં સમર્પિત થવાનો ભાવ થાય છે, આત્માનું realisation થાય છે અને આત્માને શુદ્ધ કરવાનો પુરુષાર્થ પ્રગટ થાય છે. ત્યારે એ સમર્પિત અને શરણાગત શિષ્ય પળ-પળ ગુરુતત્ત્વનો અનન્ય અહેસાસ કરે છે...જાણે ગુરુના unseen hands, Invisible Eyes અને હૃદયમાં પડતાં ગુરુના પગલાં એને પળ-પળ પ્રોત્સાહિત કરી રહ્યાં છે, support કરી રહ્યાં છે, પ્રેરણા અને માર્ગદર્શન પ્રદાન કરી રહ્યાં છે... એના હૃદયને પુલકિત કરી રહ્યાં છે અને આત્માને અકલ્પનીય સંવેદનાઓથી સ્પંદિત કરી રહ્યાં છે.

**ગુરુનો પ્રભાવ એટલે unseen hands દ્વારા મળતો અદ્વિતીય અને અવર્ણનીય strong support!**

કેમ કે, ગુરુના પ્રભાવમાં એમની અંનતી કૃપા હોય, કલ્યાણકારી કરૂણા હોય, અકારણ પ્રેમ હોય, નિ:સ્વાર્થ વાત્સલ્ય હોય, શિષ્યના આત્માના હિત, શ્રેય અને કલ્યાણની શુભ ભાવના હોય, સ્વયં સાથે મોક્ષયાત્રા કરાવવાનો પ્રબળ પુરુષાર્થ હોય અને શિષ્યના અંત અને અનંતને સુધારવાનો સમ્યક્ પ્રયાસ હોય.



# શા માટે અનુભવાય ગુરુનો પ્રભાવ ?



એક હોય છે, Influence અને એક હોય છે, Impact! સામાન્ય વ્યક્તિની, સામાન્ય વ્યક્તિ પર થતી effectને કહેવાય છે Influence અને અસામાન્ય વ્યક્તિની સામાન્ય વ્યક્તિ પર થતી effectને કહેવાય છે, Impact!

બંને હોય છે, તો effect જ પણ બંનેની effectમાં બહુ મોટો difference હોય છે. એકમાં 'અસર' થાય અને એકમાં 'પ્રભાવ' પડે!

Influence એટલે એક પ્રકારનું mesmarisation, જેને કહેવાય કે તે વ્યક્તિની અસર આ વ્યક્તિ પર હાવિ થઈ ગઈ છે. હવે તો તે જેમ કહે છે, તેમ જ આ વ્યક્તિ કરે છે, તેની જ વાત માને છે તેના સિવાય, એને બીજું કાંઈ દેખાતું જ નથી ! અને જેવી કોઈ બીજી વ્યક્તિ આવે એટલે જેવી feelings આ વ્યક્તિ માટે હતી તેવી જ બીજી વ્યક્તિ માટે start થઈ જાય.

Impact! એટલે ગુરુનો એ સમ્યક અને હિતકારી પ્રભાવ જે શિષ્ય પર પડે, પછી શિષ્યને ગુરુ સિવાય કયાયં ગમે નહીં, કયાંય રૂચે નહીં, કાંઈ સુઝે નહીં, ગુરુ સિવાય બીજુ કોઈ દેખાય નહીં ગુરુની વાત એના માટે બ્રહ્મવચન બની જાય અને એકવાર ગુરુને સ્વીકાર્યા પછી અન્યનો વિચાર માત્ર ન આવે.

અનેક સ્વજનો અને સ્નેહીજનો વચ્ચે પણ શિષ્યની અંતરની આંખો સમક્ષ તો ગુરુની આકૃતિ જ હોય, જાણે ગુરુના unseen hands એ એની આંગળી પકડી રાખી છે અને એમની સાથે પગલીઓ ભરાવી રહ્યાં છે. એના mindમાં માત્ર ને માત્ર ગુરુની વાતો અને પ્રેરણાઓ હોય!

Influenceમાં વ્યક્તિ પોતાની Identity ખોઈ નાખે છે, જ્યારે Impactમાં શિષ્ય સ્વયંની Real Identity ને પ્રાપ્ત કરે છે.

Influenceમાં વ્યક્તિ સામેવાળાની lifeમાં Interfere કરે છે જ્યારે Impactમાં ગુરુ, શિષ્યને આત્માના Inner peaceનો પરમ અહેસાસ કરાવે છે.

Influenceથી વ્યક્તિમાં temporary બદલાવ આવે જ્યારે Impactમાં શિષ્ય, જીવન અને હૃદય, સ્વભાવ અને સંસ્કાર પરિવર્તનનો અહેસાસ કરે છે.

Influenceમાં વ્યક્તિ miracleનો, ચમત્કારનો અનુભવ કરે છે.

જે હૃદયનું પરિવર્તન, અવગુણોથી ગુણોનું પરિવર્તન સંસારમાં કોઈ કરાવી ન શકે, એ પરિવર્તન જ્યારે ગુરુ કરાવે છે, ત્યારે તે શિષ્યના પરિવર્તનનો અહેસાસ સંસાર માટે એક ચમત્કાર બની જાય છે.

ચમત્કારનો અનુભવ એ એક પ્રકારની અસરનું કારણ હોય છે, જ્યારે પરિવર્તનનો અહેસાસ એ એક પ્રકારની કૃપા અને કરૂણાનો પ્રભાવ હોય છે.



# પ્રભાવ એટલે શું?

500 શિષ્યોના ગુરુ, અત્યંત અહંકારી, ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રથમવાર ભગવાન મહાવીરના સમવશરણમાં આવે છે. આવે છે, પોતાના જ્ઞાનના અહમ્ સાથે ભગવાનને હરાવવા પણ જેમ-જેમ ભગવાનની સમીપ જાય છે, તેમ તેમ ભગવાનની auraને, ભગવાનની સિદ્ધિને અનુભવે છે, સ્વયં હારી જાય છે અને 500 શિષ્યો, વિશાળ અને સમૃદ્ધ આશ્રમ અને અહંકારનો ત્યાગ કરી ભગવાનના ચરણ-શરણમાં સમર્પિત થઈ જાય છે...**આ હોય છે, પ્રભુનો પ્રભાવ !**

# ગુરુનો પ્રભાવ એટલે Unseen Hands

**ગુરુનો પ્રભાવ એટલે પળ-પળ તમને ગુરુતત્ત્વનો અહેસાસ કરાવતા ગુરુના Unseen Hands, Invisible Eyes અને Legs !**

માનો કે, તમે Exam આપવા જઈ રહ્યાં છો અથવા કોઈ નવા ઘરમાં Shift થઈ રહ્યાં છો, Businessની કોઈ big deal કરી રહ્યાં છો, ત્યારે naturally તમે તમારા શ્રદ્ધાપાત્ર ગુરુનું ભાવથી સ્મરણ કરી, અહોભાવથી વંદન કરો છો, ત્યારે તમે શું feel કરો છો ?

તમે feel કરો છો કે, ગુરુનો આશીર્વાદ આપતો હસ્ત, તમારા મસ્તક પર મૂકાયો છે અને તમારા કાનમાં શુભં ભવઃ નો ધ્વની ગુંજી રહ્યો છે. **આ અહેસાસ અને આત્મવિશ્વાસને કહેવાય છે, ગુરુના Unseen Handsનો શુભ પ્રભાવ !**

તમારા રોમ-રોમ પુલકિત થઈ રહ્યાં છે, અને એ જ સમયે તમારા face પર એક smile સાથે આત્મ વિશ્વાસ આવી જાય છે કે, બસ! ગુરુદેવના આર્શીવાદ મળી ગયાં, હવે બરાબર થઈ જશે.

માનો કે, તમે કોઈ problem માં છો, કોઈ અસહ્ય વેદનાથી પીડાઈ રહ્યાં છો, કોઈ દુઃખ તમને અત્યંત દુઃખી કરી રહ્યું છે, તમે મુંઝાઈ રહ્યાં છો...

અને એ જ સમયે અચાનક તમને અહેસાસ થાય છે કે, કોઈ Unseen Hands તમારા આંસુ લૂછી રહ્યાં છે અને તમને કહી રહ્યાં છે, 'NO TENSION ! હું છું ને, તુ કેમ ચિંતા કરે છે ?'

અને તરત જ તમારા face પર એક નિશ્ચિંતતાની smile આવી જાય છે, તમે relax feel કરો છો.

**આ feelingsને કહેવાય છે, ગુરુના Unseen Handsનો strong support !**

ગુરુનો પ્રભાવ એ હોય, જે બહારથી દેખાય નહીં પણ અંતરથી અવશ્ય અનુભવાય!

# ગુરુનો પ્રભાવ એટલે Invisible Eyes

માનો કે, તમે USA ગયા છો અને ત્યાંની કોઈ Hotelમાં જમવા માટે ગયા અને Burger નો order કર્યો છે. Burger આવી ગયું અને તમે એને ખાવા હાથમાં લ્યો છો, ત્યાં જ અચાનક તમે feel કરો છો કે કોઈ unseen hands તમારા burgerવાળા handને mouth સુધી જતાં અટકાવી રહ્યાં છે, તમે સમજી નથી શકતાં કે તમારી સાથે શું થઈ રહ્યું છે, ત્યાં જ તમને એક અવાજ સંભળાય છે. 'Don't eat ! આ ખાવું યોગ્ય નથી!'

તમે એ voice ને સમજવાનો પ્રયત્ન કરો છો, ત્યાં જ waiter આવે છે અને કહે છે, Sorry sir! આ તમારો order નથી. આ non-veg burger છે, by mistake તમને આપી દીધું, I am Sorry!

અને એ જ સમયે તમને realise થાય છે, Oh my God...આ તો ગુરુદેવની invisible eyes એ આટલે દૂરથી જોઈ લીધું અને એમના invisible hand એ, non-veg ખાતાં અટકાવી દીધો. તમારી આંખો અહોભાવથી ભીની-ભીની થઈ જાય છે અને તમારું મન ગુરુદેવને Thank You કહેતા અટકતું નથી. અનાયાસે જ બે હાથ એ પ્રભાવક વ્યક્તિત્વ માટે જોડાઈ જાય છે અને મસ્તક ઝૂકી જાય છે.

ગુરુદેવ Indiaમાં હોય અને તમે USA કે UKમાં હો, ગુરુદેવની કરૂણા સભર Invisible eyes તમારા ઉપર સતત નજર રાખતી જ હોય છે. તમને અયોગ્યથી અટકાવે છે અને યોગ્ય directionમાં લઈ જાય છે.




# ગુરુનો પ્રભાવ એટલે શ્વેતરંગી Aura

ગુરુની આત્મશુદ્ધિ, વચનસિદ્ધિ અને સમ્યક્ સાધનાશક્તિના કારણે અને હર પળ સૃષ્ટિના જીવ માત્ર પ્રત્યે મૈત્રી અને કરૂણાભાવનાના કારણે ગુરુની aura શ્વેતરંગી હોય.

જેમ white colour, black colour સાથે mix થાય તો, white colouની effectના કારણે black colourની blackness ઓછી થઈ જાય અને whiteness વધવા લાગે, એવી જ રીતે જ્યારે કોઈ ક્રોધી, અહંકારી, અવગુણી વ્યક્તિ ગુરુના શરણમાં, ગુરુના સાંનિધ્યમાં આવે, તો ગુરુની શ્વેતરંગી auraની impactના કારણે તે વ્યક્તિના ક્રોધ, અહમ્, અવગુણો ઘટવા લાગે અને ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ જેવા ગુણો વધવા લાગે, એનો nature change થવા લાગે અને સૌથી best એની black aura પણ શુદ્ધ થઈ grey અને ધીમે ધીમે white થવા લાગે.

**ગુરુનો પ્રભાવ જ્યાં હોય ત્યાં દુર્ભાવ ઘટવા લાગે!**

# ગુરુનો પ્રભાવ એટલે સૂર્યના કિરણો

સૂર્યના કિરણો સર્વ માટે એક સમાન હોય, પણ જેમના ઘરના બારી-બારણા open હોય, એમના ઘરમાં સૂર્ય પ્રકાશ અનુભવાય. ગુરુનો પ્રભાવ પણ ભેદભાવ વિના સર્વ પર એક સમાન હોય. જેમના હૃદયના દ્વાર જેટલાં open હોય, એટલો પ્રભાવ અનુભવાય.

## ગુરુનો પ્રભાવ એટલે ખળખળ વહેતી સરિતા

ખળખળ વહેતી નદી પર ક્યારેય કોઈ એક વ્યક્તિનો અધિકાર ન હોય, કોઈ એમાં હાથ ભીના કરે, કોઈ ખોબો ભરે, કોઈ પોતાનું માટલું ભરે તો કોઈ એમાં ડૂબકી મારી આખા ભીંજાય જાય.

એમ ગુરુની કૃપા અને કરૂણાનો પ્રભાવ તમારી સમર્પણતાના આધારે હોય.

તમે જ self check કરો કે, તમારી સમર્પણતા કેટલી છે?

એક આંગળી જેટલી, ખોબા જેટલી, માટલા જેટલી કે સમસ્ત અસ્તિત્વ જેટલી?

ગુરુની કૃપાનો પ્રભાવ તમે તમારા અંગ-અંગમાં અનુભવો છો કે અલ્પ અનુભવો છો?

**જેટલી આત્મસમર્પણતા શ્રેષ્ઠ એટલો unseen handsનો અહેસાસ શ્રેષ્ઠ!**

## ગુરુનો પ્રભાવ એટલે મંદ મંદ લહેરાતો પવન

પવન કેવો હોય?

પવન એવો હોય જેને આપણે આંખોથી જોઈ ન શકીએ, ન હાથથી પકડી શકીએ, છતાં એને feel કરી શકીએ, એ મંદ-મંદ લહેરાતા પવનનો સ્પર્શ માત્ર આહલાદકતાનો અહેસાસ કરાવે.

ગુરુની કૃપા અને કરૂણાના પ્રભાવને પણ ન આપણે જોઈ શકીએ,ન હાથમાં ગ્રહણ કરી શકીએ, છતાં જેમ પવન વિના રહી ન શકીએ તેમ 'પ્રભાવ' વિના રહી ન શકીએ, એ પ્રભાવનો આત્મ સ્પંદનામાં અહેસાસ કરી શકીએ, જે અલૌકિક અને અવર્ણનીય હોય.



# ગુરુનો પ્રભાવ એટલે પરમાર્થનું પરમ નિમિત્ત


તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીર સ્વામી કેવા હતાં? એમનામાં કેવા ગુણો હતાં? એમની સાધના કેવી હતી? એ સુધર્મા સ્વામીએ જંબુ સ્વામીને જણાવ્યું.


જંબુ સ્વામી પ્રભુના ભાવો, પ્રભુના ગુણો, પ્રભુની શ્રેષ્ઠ સાધના અત્યંત ભાવિત અને પ્રભાવિત થયાં, તેઓ પ્રભુને જાણી, પ્રભુને પામ્યાં, એમનું લક્ષ્ય પૂરું થઈ ગયું છતાં 'પુચ્છિંસ્સુણં'ની રચના કરી. શા માટે?

એક જ પરમાર્થની ભાવના...મારા પ્રભુના પ્રભાવથી હું પ્રભાવિત થયો એમ સર્વ પ્રભાવિત થાય અને સર્વના આત્માનું કલ્યાણ થાય.

આજે આટલાં વર્ષો પછી પણ 'પુચ્છિંસ્સુણં'ના માધ્યમથી આપણે પ્રભુ કેવા હતાં એ જાણીને ભાવિત અને અહોભાવિત થઈએ છીએ.



# શું હોય પ્રભાવકતાનું Reason અને Result ?

એક આત્મા કોઈ શ્રેષ્ઠ વ્યક્તિત્વના ગુણો, જીવનશૈલી, aura સાધના અને Vibrations થી પ્રભાવિત શા માટે થાય? આ પ્રભાવકતાનું reason શું હોય? પ્રભાવકતા જન્મે શા માટે ? અને એનું result શું હોય?

શ્રેષ્ઠ વ્યક્તિત્વનું reason હોય છે, એની ઉત્કૃષ્ટ સાધના, આત્મ ગુણોનું પ્રાગટ્ય, સરળતા, મૈત્રીભાવના, સર્વના કલ્યાણની શુભ ભાવના! જેના કારણે એમની aura શુભ અને શ્વેત હોય છે. એમના Vibrationsમાં કરૂણા અને પ્રેરણા હોય છે.

પરદેશી રાજા અત્યંત ક્રોધિત સ્વભાવના,'આત્મા છે કે નહીં,' તે જાણવા અનેક પ્રયોગો કરતાં અને એમાં અનેક નિર્દોષ જીવોની હિંસા પણ થતી.

એક દિવસ એમના હિતેચ્છુ પ્રધાન એમને એમના ગુરુ કેશી સ્વામી પાસે લઈ જાય છે.


આ ધોળા વસ્ત્રવાળા મૂંડિત વ્યક્તિ આટલા જોર-જોરથી શું બોલી રહ્યાં છે, એવું કહેનાર પરદેશી રાજા જ્યારે એમના સાંનિધ્યમાં સત્યને જાણે છે, આત્માની સમ્યક્ સમજ પ્રાપ્ત કરે છે, ત્યારે સંપૂર્ણ change થઈ જાય છે.

કેશીસ્વામીના પ્રભાવથી, ભાવિત અને પ્રભાવિત થઈ જાય છે.

કેમ? કેમ કે, કેશીસ્વામીએ એમના સંશયો દૂર કરી, સત્યનો અનુભવ કરાવ્યો હતો અને એમના પરિવર્તનને નિહાળી એમને એક ગુરુમંત્ર આપ્યો હતો, 'હે રાજન! તમે રમણિક થયાં છો, રમણિક રહેજો! તમે શાંત થયા છો, શાંત રહેજો!'

પરદેશી રાજના કાનમાં આ ગુરુ મંત્ર સતત ગુંજતો રહે છે. એમનો રાગ હવે વૈરાગ્યમાં પરિવર્તિત થવા લાગ્યો છે. રાજ્યનો મોહ છૂટવા લાગ્યો છે અને જીવન પ્રભુમય બનવા લાગ્યું છે.

એમની રાણીથી, રાજાની મોહ અને લાગણીનો ત્યાગ સહન થતો નથી એટલે એક દિવસ એમને પારણાના આહારમાં poison mix કરીને આપે છે. આહાર વાપરતાં જ રાજાની health બગડવા લાગે છે. Poisonના કારણે આખા શરીરમાં અસહ્ય વેદના થાય છે. પણ તેઓ સમભાવે એ વેદનાને સહન કરે છે. એમાં પણ જ્યારે એમને ખબર પડે



છે કે, poison આપનાર એમની જ પત્ની સૂર્યકાંતા છે.

ત્યારે શું થાય ? શું એમને રાણી પર ગુસ્સો આવ્યો હશે? એમની હત્યા કરવાનું મન થયું હશે ? એમણે રાજ સૈનિકોને બોલાવી સજા ફરમાવી હશે?

ના! એમના સમસ્ત અસ્તિત્વ પર ગુરુ કેશી સ્વામીનો જબરદસ્ત impact હતો. એમના કાનમાં સતત ગુરુ મંત્ર ગુંજતો હતો. એટલે એમણે સમભાવ રાખી, ત્યાં ને ત્યાં સંથારો ગ્રહણ કરી, આત્મભાવમાં રમણ કરવા લાગ્યાં.

ગુરુ કેશીસ્વામીના પ્રભાવના કારણે પરદેશી રાજાને સત્ય સમજાયું, એમના કષાયો ઘટ્યાં, એમની હિંસા ઘટી, એમના દોષો ઘટ્યાં અને એમનું જીવન અને હૃદય પરિવર્તન થઈ ગયું.

ગુરુ કેશીસ્વામીના એ પ્રભાવનું result શું આવ્યું?

મૃત્યુના સમયે સમભાવ રાખી શક્યા, સંથારાની સાધના દ્વારા મૃત્યુને સુધારી શક્યા! ગુરુના પ્રભાવથી વ્યક્તિનું જીવન તો સુધરે છે, પણ મૃત્યુ પણ સુધરી શકે છે.

# ગુરુદેવ! આપોને માર્ગદર્શન!

**અર્હમ સેવકઃ** ગુરુદેવ! Last Sunday અમે બધાં arhamites આપની કૃપાથી મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્રની જપ સાધના પછી discuss કરી રહ્યાં હતાં!

ગુરુદેવ! આપની કૃપા અને કરૂણા વિશે, આપના ગુરુતત્ત્વ અને પ્રભાવ વિશે, અમે અમારી આંખે જોઈએ છીએ, જાણીએ છીએ, વાંચીએ છીએ, ગુરુદેવ! ઘણીવાર અમે discuss પણ કરીએ છીએ કે, આપણે કેવા પરમ સદભાગી છીએ કે, આ કાળમાં આપણને આવા પ્રભાવક, જ્ઞાની અને સમર્થ ગુરુદેવ મળ્યાં અને આપણને એક right દિશા મળી. સેવા, ભક્તિ, સાધના અને spiritually uplift થવાની તક મળી. આજે આપણી life totally change થઈ ગઈ છે, આપણે કેટલાં બધાં પાપથી બચી રહ્યાં છીએ અને best part કે આપણા parents નિશ્ચિંત થઈ ગયા છે. ગુરુદેવ! અમે આપના શિષ્ય તો બની ગયાં, પણ અમારે આપના હૃદયમાં સ્થાન પામવું છે અને એનાથી વિશેષ આપને અમારા હૃદયમાં પધારવાનું મન થાય એવું અમારા શિષ્યત્વને ખીલવવું છે, જી! ગુરુદેવ! અમને please guide કરશો જી?

**પરમ ગુરુદેવ :** તમારા ભાવો શ્રેષ્ઠ છે અને તમારો પ્રશ્ન પણ યોગ્ય છે. શિષ્યના હૃદયમાં તો ગુરુનું વિશેષ સ્થાન હોય, એ તો સામાન્ય વાત છે, પણ ગુરુના હૃદયમાં શિષ્યનું સ્થાન એ અસામાન્ય વાત છે. ગુરુના હૃદયમાં સ્થાન પામવું, એ દરેક શિષ્યનું લક્ષ્ય અને પુરુષાર્થ હોવા જોઈએ. આજે જે આદર્શ અને શ્રેષ્ઠ શિષ્ય બને છે, એ જ ભવિષ્યમાં આદર્શ અને સમર્થ ગુરુ બની શકે છે.

તમે બધાંએ મને મારા ગુરુદેવ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબ સાથે જોયાં નથી, એમના સાંનિધ્યમાં અમારો વિનય એ અમારા શિષ્યત્વને શ્રેષ્ઠ બનાવ્યું છે.

અમારા શિષ્યત્વની ક્ષણો, અમારા ભાવો અને અમારી અનન્ય અનુભૂતિઓ વાંચીને તમે, તમારા શિષ્યત્વને ખીલાવી શકશો.





## અમારા તારક -
## તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ...

જ્યારે પ્રત્યક્ષ હતાં, ત્યારે અમે એમને ઈન્દ્રિયોથી અનુભવ્યાં હતાં અને આત્મિક ઐકયતા સાધી હતી. વિદાય પછી અમે એમને ઈન્દ્રિયાતીત થઈ ભાવથી, સ્મરણથી, કલ્પનાથી, આત્માથી અને સંવેદનાઓથી અનુભવીએ છીએ. અમારા માટે તેઓ, બાહ્ય અસ્તિત્વથી, ભાવ અસ્તિત્વમાં પરિવર્તિત થઈ ગયાં છે.

માત્ર નવ જ મહિનાનું પ્રત્યક્ષ સાંનિધ્ય... પણ અમારા માટે પરમાત્મા બની, અમારી ગણધર લબ્ધિને પ્રગટાવી ગયાં અને સ્વયંની અધૂરાશને પૂર્ણ કરી ગયાં.

## અમારું શિષ્ય હૃદય...

અમારું શિષ્ય હૃદય હર પળ... હર ક્ષણ અમારા આરાધ્ય... અમારા પ્રભુતુલ્ય તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના અકારણ પ્રેમને ઝંખતું હતું, પણ અમારો આત્મા હંમેશાં એમના અનુશાસનની ઝંખના કરતો હતો.

## અમારા ભાવ...

**તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પાસેથી અમને જે મળ્યું છે, તે બીજે ક્યાંયથી નથી મળ્યું.**

તેઓ જે આપી શકે, તેવું બીજું કોઈ ન આપી શકે!

## અમારા પ્રથમ દર્શન...

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના પ્રથમ દર્શન... એમની દિવ્ય દૃષ્ટિ અમારા પર પડી અને હૃદયમાં અકથ્ય હલચલ થવા લાગી. એ માત્ર દૃષ્ટિ ન હતી પણ અનંત પ્રેમથી સમૃદ્ધ દૃષ્ટિનું વરદાન હતું. એમના એ પ્રથમ દર્શન અમારા નયનથી અમારા heart સુધી પહોચી ગયાં અને આત્મધરા પર અંકિત થઈ ગયાં.

એ માત્ર દર્શન ન હતાં, આત્મિક connectivityનો અનન્ય અહેસાસ હતો.

## અમારી જાગૃતતા...

હંમેશાં અમે એ જ ભાવ રાખ્યાં હતાં કે અમારી કાયાનો એવો પ્રયોગ કરીએ કે જેથી ગુરુદેવને એમના યોગોનો ઉપયોગ અતિ અલ્પ કરવો પડે.

## અમારો આત્મવિશ્વાસ...

અમારા હૃદયમાં દૃઢ આત્મવિશ્વાસ હતો કે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવની પ્રત્યેક દૃષ્ટિમાં અમારા આત્માનું હિત સમાયેલું છે અને એ અહેસાસ અલગ પ્રસન્નતા અપાવતો હતો. એક નિશ્ચિંતતા અપાવતો હતો.

## અમારી શ્રદ્ધા...

અમને તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે એવી અવિહડ શ્રદ્ધા છે કે ગમે તેવી પરિસ્થિતિ અને કોઈપણ નિયતિ આજ સુધી અમને ડગાવી શકી નથી, ડરાવી શકી નથી. ગમે તેવી વેદનામાં પણ શાંત અને સમભાવમાં રહી શકીએ છીએ.

## અમારી વિનંતી...

અમે હંમેશાં ગુરુદેવના ચરણે એક જ વિનંતી કરતાં... ‘ગુરુદેવ! મને આપની જરૂર છે, કેમ કે, મારે સુધરવું છે, મારે આપના જેવા બનવું છે.’’

## અમારો સમ્યક્ પુરુષાર્થ...

અમારો એ જ સમ્યક્ પુરુષાર્થ રહ્યો છે કે, ‘મારા ગુરુદેવની જે ચાહના છે કે, મારો શિષ્ય મારાથી સવાયો બને,’ એમની એ ચાહનાને પૂરી કરી શકું, એવી પાત્રતા અને એવા આત્મગુણોનું મારે પ્રાગટ્ય કરવું છે.

‘ગુરુદેવ! મને આપની જરૂર છે,
કેમ કે, મારે સુધરવું છે,
મારે આપના જેવા બનવું છે’

“

## અમારો સંકલ્પ...

હર પળ અમને એ જ થતું કે, હું એવું તે શું કરું, જેથી મારા ગુરુદેવની 1 minute પણ મારી માટે ન વપરાય અને હું એમની સાધનાની lifeને long કરી શકું?

## અમારી ઝંખના...

અમારી હંમેશાં એક જ ઝંખના રહેતી કે અમારા શ્રેષ્ઠ ગુરુદેવને સામાન્ય કાર્યથી મુક્ત કરાવી શકું, જેથી તેઓ વધુ ને વધુ આત્મસાધનામાં જોડાયેલાં રહી શકે. હું એમની સાધનામાં સહાયક બની શકું.

## અમારું કર્તવ્ય...

એમના સાંનિધ્યમાં અમારી દૃષ્ટિ હંમેશાં એમના તરફ જ રહેતી અને એમના ઈશારાને સમજવાનો પ્રયત્ન કરતાં. અલ્પ સમયમાં જ અમે એમની આંખો નહીં પણ આંખની કીકી જરાક ફરતી અને અમે સમજી જતાં તેઓ શું કહેવા માંગે છે, તેઓને શું જોઈએ છે.

## અમારી અમને Challenge...

જ્યારે-જ્યારે તપસમ્રાટ ગુરુદેવની આત્મ ભાવોની રમણતાને અનુભવતાં, જ્યારે-જ્યારે લોકોની વચ્ચે પણ એમને સ્વયંના શ્લોકમાં રમતાં અનુભવું, ત્યારે-ત્યારે અમે અમારી selfને challenge કરતાં... ‘જો આવા શ્રેષ્ઠ સિદ્ધપુરુષના શરણ અને સાંનિધ્યમાં સમર્પિત થઈને, એમના જેવા જ બનવાનું છે, એ જ તારા શિષ્યત્વની સાર્થક્તા છે.’ આ challenge જ અમારા શિષ્ય હૃદયને ખિલવવાનો પુરુષાર્થ હતી!

## અમારા ઉત્કૃષ્ટ ભાવ...

અમારા હંમેશાં એ જ ભાવ રહ્યાં છે કે, ‘મારે મારું જીવન એવું બનાવવું છે કે, મારા ગુરુદેવને મારામાં જીવવાનું મન થાય.’ જે ગુરુને જીવાડે, એનું નામ શિષ્ય!

‘જો આવા શ્રેષ્ઠ સિદ્ધપુરુષના શરણ અને સાંનિધ્યમાં સમર્પિત થઈને, એમના જેવા જ બનવાનું છે, એ જ તારા શિષ્યત્વની સાર્થક્તા છે.’



## અમારી કલ્પના...

અમે નિત્ય કલ્પના કરતાં...

'હું મારા ગુરુદેવ તપસમ્રાટ જેવો મહાન ગુરુ અને એમના જેવો સિદ્ધપુરુષ મહાપુરુષ ક્યારે બનીશ ?'

અમને વિશ્વાસ હતો, આજે કલ્પના કરીશ, આજે ભાવના ભાવીશ તો ક્યારેક સંભાવના થશે.

## અમારી અનુભૂતિ...

અમારા ગુરુદેવ પાસેથી અમને શું મળ્યું, એ વિચાર જ ક્યારેય મનમાં આવ્યો નથી અને એટલે જ કદાચ અમે અત્યંત અહોભાવ સાથે ગુરુતત્ત્વની અનુભૂતિ કરી શક્યાં છીએ.

## અમારી સમજ...

ગુરુને પામવાના પ્રયોગો કરતાં-કરતાં સમજાયું કે, ગુરુતત્ત્વ ક્યારેય આંખોથી ઓળખાય નહીં, ગુરુતત્ત્વને અનુભવવા હૃદયના દ્વારા ખોલવા પડે અને દ્વાર ખોલ્યાં પછી અમને જે અનુભૂતિ થઈ તે અનન્ય અને અવર્ણનીય છે.

## અમારી અનુપ્રેક્ષા...

અમે વારંવાર એમના ઉપકારની... એમની અસીમ કૃપાની, એમના આત્મગુણોની, એમના best સાંનિધ્યની, એમની અમીદૃષ્ટિની અને અમારી mistakeની ભાવથી અનુપ્રેક્ષા કરતાં અને અમારા હૃદયને અહોભાવથી છલકાવી દેતાં!

## અમારી અનુભૂતિ...

અમે એમની **બહારની આંખોને નહીં,**
પણ **અંતરની આંખોને અનુભવી છે.**
એમની **આકૃતિના દર્શન** કરતાં વધારે
એમના **આત્મભાવની રમણતાનો અહેસાસ** કર્યો છે.



## અમારો પુરુષાર્થ...

અમે ક્યારેય તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવને માપ્યાં નથી પણ પ્રતિદિન અમારો એક જ પુરુષાર્થ હતો, મારે એમને 10-20-50 કે 80% સ્વીકારવા નથી, મારે તો એમને મારા 'સર્વસ્વ' તરીકે 100% સ્વીકારવા છે અને અમે એમને અમારા આરાધ્ય, અમારા સર્વસ્વ તરીકે સ્વીકાર્યા હતાં. અમે એમનામાં ભળી ગયાં હતાં, એકમેક થઈ ગયાં હતાં.

## અમારી અંતર વેદના...

જ્યારે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં હોઈએ, ત્યારે feel થાય, I have everything! અને જ્યારે સાંનિધ્યથી દૂર હોઈએ, ત્યારે feel થાય Something is MISSING!

## અમારું નિષ્કામ સમર્પણ...

જેમ-જેમ અમે એમના ગુણોને પ્રેમ કરવા લાગ્યાં, એમના ગુણસાગરમાં ડૂબવા લાગ્યાં, અમારું અપેક્ષા રહિત સમર્પણ ઉત્કૃષ્ટ થવા લાગ્યું અને અમે ગુરુદેવને એકદમ સમીપ અનુભવ્યાં!

## અમારી ઊર્જાશક્તિ...

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવનું સ્મરણ માત્ર આજે પણ અમારી અંદર અનંત ઊર્જા પ્રગટાવે છે. અમારી મુંઝવણનું માર્ગદર્શન બની જાય છે, સાક્ષાત્કારનો અનન્ય અહેસાસ કરાવે છે અને અમારું મસ્તક એમના ભાવચરણમાં નત્ થઈ જાય છે.

જેમને **હજુર**
બનતાં આવડે
તેના માટે **ગુરુ**
**હાજરાહજુર** હોય!

મારા ગુરુદેવ **પ્રેરક**
પણ હતાં
અને **પ્રેમ** પણ હતાં.

**तपसम्राट** पूज्य ગુરુદેવ
**સ્વયં સીડી** બનીને અમને
આટલી ઊંચાઈએ લઈ આવ્યાં,
ભાર પોતાના **માથા પર રાખ્યો**
અને **ભાવ** અમારા
**ઉત્કૃષ્ટ** બનાવી દીધાં.

ગુરુનું ક્યારેય
**કોઈ option**
**ન હોય.**

મારા ગુરુદેવ
મારા **દિલમાં** છે,
મારા **ભાવમાં** છે,
મારા **પ્રેમમાં** છે.

गुरुदेव मुझे
**आप चाहिए,**
आपके सिवा
कुछ नहीं चाहिए !

# અમ
# શિષ્ય હૃદયના અંતરભાવ...
# એ જ અમારી વિચારધારા!

હે ગુરુદેવ!
**ચાલવું** છે મારે,
તારી **સ્મૃતિના**
**સથવારે!**

**શિષ્યત્વ** એટલે
**blindfold** થઈ,
**હિમાલય ચઢવો !**

તમ કને શું માંગવું,
એ ન અમે જાણીએ,
**માંગવાનું જ ન રહે,**
એ જ અમે જાણીએ!

મારા ગુરુદેવ પર
**'હક'** કરી શકું,
એવા મારા **'luck'** છે.

એમનો **સ્નેહ,**
અમારા **સંકટને**
**દૂર** કરવાનું
**વ્હાલ** છે.

મારા **ગુરુદેવ** મારા માટે
**searchlight** બનીને
મારી lifeમાં પધાર્યાં હતાં
અને મને **મોક્ષ** સુધીનો
**માર્ગ** બતાવી દીધો!

**સમ્યક્ શિષ્ય**
એ હોય,
જે **શૂન્ય** હોય!

ગુરુદેવ! આપ **સદેહે**
ભલે **પ્રત્યક્ષ નથી** પણ
**સૂક્ષ્મ દેહે** તો આપ હર પળ
મારા **હૃદયમાં બિરાજમાન** છો.

હે ગુરુદેવ!
મારા **નયન** જ્યારે
**તને નિહાળે** છે,
ત્યારે **તારા સિવાય**
**બીજું કોઈ**
**જોવા જેવું લાગતું નથી.**

મારા માટે
મારા **ગુરુ,**
**કૃપાનું**
**અક્ષયપાત્ર** છે.

# Tiny Steps To Be Like GURUDEV

| Param Gurudev | I Can Try |
|---|---|
| Has Vinay Bhav in every word, action, and thought |  I can speak respectfully, greet elders with devotion, and listen carefully when others are talking. |
| In Samayik 24/7 |  I can sit quietly for 10 minutes daily and do Samvar. |
| Does Chauvihar every day |  I can try Chauvihar once a week. |
| Speaks truthfully and softly |  I can always speak the truth and use kind words. |
| Shows compassion to every jeev |  I can feed birds or animals at least once a week and be careful while walking. |
| Uses time wisely |  I can reduce screen time and do Navkar instead. |
| Forgives everyone |  I can say "sorry" quickly when I make a mistake. |
| Keeps smiling even during difficulties |  I can try to stay positive and not complain about small discomforts. |

## Little Promise To Gurudev

**Today I will try to become better at:**

______________________________

______________________________

______________________________

Because even one small good habit can make Gurudev smile.

**VINAY is the first step to becoming a true disciple**

# The Biggest Gift

## It was Gurupurnima week

Dev was Super Excited!




Dev started thinking... A little later, during Pravachan, he heard:




Dev's eyes lit up.




Mumma, Gurudev will be so happy! The Biggest Gift is a Better YOU!
Dev's 'Gift to Gurudev' Challenge! So, Dev made four small promises:



- I will speak calmly.
- Chant Navkar Mantra and say sorry before sleeping.
- Help at home willingly.
- I will protect every jeev.



Dev kept Trying...
Then came **Gurudev's Darshan.**
As Dev bowed, Gurudev smiled at him.



"Mumma,
I finally gave Gurudev
my best gift —
I changed myself."

**MORAL**

*No one becomes like Gurudev in one day. We become like him through many small efforts, day by day.*

### Today's Gurudev Challenge

**What is ONE good habit you will start today?**

- ☐ Greet with humility
- ☐ Speak politely
- ☐ Chant Navkar Mantra
- ☐ Help at home
- ☐ Protect every jeev

My own good habit: ___________

# "માત્ર ઘાટકોપરમાં જ નહીં
# અમારા સહુના ઘટ-ઘટમાં પધારો ગુરુદેવ"

18th June 2026 — Thursday



**આત્મ આરાધ્ય ચાતુર્માસ અર્થે પરમ ગુરુદેવનો નગરપ્રવેશ બની રહ્યો, ભવ્ય જીવો માટે પરમ કલ્યાણનો શુકનવંતો પડઘમ**

**રોમ-રોમથી વહેતી આવી ભક્તિધારાએ મુંબઈના ભાવિકોએ કર્યા, પરમ ગુરુદેવના ભવ્યાતિભવ્ય આગમન વધામણા**

## "આવો આવો ગુરુદેવ અમારા સુના સુના દ્વાર, અમારા પારસધામના આંગણા સૂના"

અંતરમનની આવી ભક્તિભીની પ્રતિક્ષા સાથે લાંબા સમયની મુંબઈના ભાવિકોની ચાતુર્માસ માટેની વિનંતીને પ્રતિસાદ આપીને, પારસધામ ઘાટકોપરમાં "આત્મ આરાધ્ય ચાતુર્માસ" પધારી રહેલાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનો ચાતુર્માસ નગરપ્રવેશનો અવસર સેંકડો વર્ષ પહેલાં પ્રભુની પ્રતિક્ષા કરી રહેલાં ચંદનબાળાના આંગણે પ્રભુના થયેલાં આગમનની સ્મૃતિ સંવેદના પ્રસારી ગયો હતો. પરમ ગુરુદેવના ચાતુર્માસ નગરપ્રવેશના મંગલ આગમનને વધાવવા યોજાઈ હતી, ભવ્યાતિભવ્ય સ્વાગતયાત્રા...

## હે શુભારંભ.. હો શુભારંભ... મંગલ વેળા આવી...

વહેલી સવારના પથરાયેલાં સૂર્યકિરણોની સાક્ષીએ, કલ્યાણનો સાદ આપતાં શંખનાદ, માંગલ્ય પ્રસરાવતાં અષ્ટમંગલના સુંદર પ્રતિકો, મંગલકલશધારી બહેનોના ઉત્સાહ, લહેરાતા ધર્મધ્વજ, લેઝિમ નૃત્ય દ્વારા ઉછળતો યુવાનોનો આનંદ, બાળકોની સુંદર પ્રસ્તુતિમાંથી વહેતાં વ્હાલ, ગગનને આંબતો જયઘોષ અને મુંબઈના હજારો ભાવિકોના રોમ-રોમથી નીતરતી ભક્તિધારા સાથે અનેક સત્કાર્યો અને અનેક વિવિધતાથી શોભતી સ્વાગતયાત્રા શ્રી પરાગભાઈ શાહની MICL Officeથી પ્રારંભ થઈને વાજતે ગાજતે મંગલ શુભારંભનો સંદેશ લઈને ઘાટકોપર પધારી હતી.

## સંઘનેતાથી રાજનેતા... સહુ જોડાયા

અહોભાવથી પરમ ગુરુદેવનું સ્વાગત કરવા માટે આ સ્વાગતયાત્રામાં પારસધામ-ઘાટકોપર તેમજ સમસ્ત મુંબઈના શ્રીસંઘો, માનનીય મેયર શ્રી રિતુજી તાવડે, શ્રીમતી રાખીબેન જાદવ, નગરસેવક શ્રી ધર્મેશભાઈ ગિરી જેવા રાજનેતાઓની સાથે અનેક ભાવિકો જોડાયા હતાં.

## માનવતાનું પ્રથમ સોપાન

અર્હમ યુવા સેવા ગ્રુપ તરફથી આ સ્વાગતયાત્રામાં અનેક જરૂરિયાતમંદ ભાવિકોને સિલાઈ મશીન, વસ્ત્રો, Stationery Kit અને Ertiga Carની અર્પણતા કરવામાં આવતાં સમગ્ર ચાતુર્માસમાં થનારા માનવતાના અનેક સત્કાર્યોનું પ્રથમ સોપાન સર થયું હતું.

## અંતરિક્ષમાં Deliver થયાં ચાતુર્માસના આમંત્રણ

સ્વાગતયાત્રા બાદ ઘાટકોપરના ભાનુશાલી Banquetમાં "ચાતુર્માસ આમંત્રણ આલેખન"નો અવસર યોજાયો હતો.

પરમ ગુરુદેવના બ્રહ્મનાદે પ્રગટતાં દિવ્ય મંત્રોચ્ચાર સાથે કંકુ છાંટણે આમંત્રણના આલેખન કરીને સમગ્ર ચાતુર્માસના પુણ્યવંતા લાભાર્થી ધર્મવત્સલા શ્રી માનસીબેન પરાગભાઈ શાહ પરિવાર દ્વારા અંતરિક્ષમાં બિરાજમાન ગોંડલ સંપ્રદાયના પરમ ઉપકારી આદ્ય ગુરુ ભગવંતો અને ઉપકારી આત્માઓને અહોભાવથી આમંત્રણ પત્રિકા અર્પણ કરવાના દૃશ્યોએ સહુને ગુરુવર્યોની પ્રત્યક્ષતાની અનુભૂતિ કરાવી.

## હરખાયો ચતુર્વિધ સંઘ

ગોંડલ સંઘાણી સંપ્રદાયના પૂજ્ય શ્રી પંથકમુનિ મહારાજ સાહેબ, ગોંડલ સંપ્રદાયના વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વિરમતીબાઈ મહાસતીજી આદિ ઠાણા, પૂજ્ય શ્રી કિરણબાઈ મ., પૂજ્ય શ્રી પરમ સૌમ્યાજી મ. આદિ ઠાણા, પૂજ્ય શ્રી સુતિર્થિકાજી મહાસતીજી, જશ પરિવારના પૂજ્ય શ્રી હસ્મિતાબાઈ મ., પૂજ્ય શ્રી રૂપલબાઈ મ., આદિ ઠાણા, બોટાદ સંપ્રદાયના પૂજ્ય શ્રી રાજુલાબાઈ મ., પૂજ્ય શ્રી વંદનાબાઈ મ. આદિ ઠાણા, લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂજ્ય શ્રી નિમજ્ઞાબાઈ મ. આદિ ઠાણા, અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી ઝંખનાબાઈ મ., પૂજ્ય શ્રી તારિણીબાઈ મ., પૂજ્ય શ્રી નિયતિબાઈ મ. આદિ ઠાણા, કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયના મહાસતીજી આદિ 75થી વધુ સંયમી આત્માઓ સાથે ચતુર્વિધ સંઘ આ અવસરના સાક્ષી બનીને હર્ષવિભોર બન્યો હતો.

## પરમનો કલ્યાણ બોધ

એક શિષ્ય સ્વરૂપે ગુરુના સાંનિધ્યે ચાતુર્માસને સાર્થક કરી લેવાનો બોધ આપતાં પરમ ગુરુદેવે ફરમાવ્યું હતું કે, ગુરુનો પ્રેમ તો દરેક ભક્તહૃદય માટે પ્રિય હોય પરંતુ ગુરુનો પ્રહાર પણ જેને ફૂલોના હાર સમાન લાગે તેના માટે ગુરુનું સાંનિધ્ય સાર્થક બની જાય. કેમ કે ગુરુનું સાંનિધ્ય તો ગુરુનું જ્ઞાન પામવા માટે અને ગુરુ જેવા બનવા માટે હોય છે.

## મુમુક્ષુના શ્રી શબ્દોમાં

પરમ ગુરુદેવના ચરણ-શરણમાં સંયમ લેવા તત્પર બનેલાં કોલકાતાના દીકરી મુમુક્ષુ શ્રી જાનવીબેન હેતલબેન મિલનભાઈ શાહે પોતાના સંયમ ભાવોની અભિવ્યક્તિ કરીને સમગ્ર ઘાટકોપરવાસીઓને આત્મજાગૃતિનો શુભ સંદેશ આપ્યો હતો.

## અહોભાવની અભિવ્યક્તિ

સમગ્ર ચાતુર્માસના લાભાર્થી શ્રી પરાગભાઈ શાહે અવસરલક્ષી ભાવોની અભિવ્યક્તિ કરીને સેવાભાવી દરેક ભાવિકોનો આભાર માની, પરમ ગુરુદેવ પ્રત્યે ચાતુર્માસ અર્થે પધારવા બદલ અહોભાવ પ્રગટ કર્યો હતો.

## ગુરુ સન્માન

ભાનુશાલી Banquetના પદાધિકારીઓ તરફથી પરમ ગુરુદેવને અહોભાવપૂર્વક શાલ અર્પણ કરવામાં આવી હતી. શ્રી ભાવેશભાઈ ભાનુશાલીએ સમગ્ર ભાનુશાલી સમાજ તરફથી પરમ ગુરુદેવ પ્રત્યે અહોભાવ - ઉપકારભાવ પ્રગટ કર્યો હતો.

## પારસધામની પ્રસ્તુતિ

પરમ ગુરુદેવની પ્રેરણા - One Mind અર્થાત જો બધાં સેવકોની વિચારધારા એક થાય તો કોઈપણ પ્રસંગ એક નવો રંગ લઈ આવે! પરમ ગુરુદેવની આ પ્રેરણાને આચરણમાં મૂકતાં જે પરિવર્તનનો અહેસાસ થયો, તેની પ્રસ્તુતિ સહુને એક વિચારધારા - One Mindની પ્રેરણા આપી ગઈ.

"તારણહારા ગુરુ પધાર્યા" ના આનંદની સહુના હૃદયની સંવેદનાનો લહેરાતો દરિયો વહાવી આ અવસર અવિસ્મરણીય બન્યો હતો.

**"જે અજાણ્યાને પણ આગળ રાખે છે, તે સ્વયં આગળ આવ્યા વિના રહેતાં નથી."**








# ભવ્યાતિભવ્ય સ્વાગત યાત્રા














## આમંત્રણ આલેખન અવસર








**- પ્રસંગની પ્રેરણા -**

**પ્રસંગ આપણો હોય અને પ્રસન્નતા હજારોની હોય તો તે પ્રસંગ સાર્થક થઈ જાય.**



# મારી અર્પણતા...



ગુરુ પાસે **લાખો શિષ્યો** હોઈ શકે...
પણ એક શિષ્ય માટે તેના **ગુરુ**
**લાખોમાં એક જ હોય છે.**

શિષ્ય **એકલવ્ય** હોય કે **ગૌતમ...**
શિષ્યા **મીરાં** હોય કે **ચંદનબાળા...**
**ગુરુ અલગ** હોઈ શકે,
પણ **શિષ્ય હૃદય** તો **એક** જ હોય છે!
અને દરેક શિષ્ય હૃદયનો શ્વાસ હોય છે!
**ગુરુ સમર્પણ... ગુરુ અર્પણ...**

## અર્પણતા...

- અર્પણતા એક **સંકલ્પની...**
- અર્પણતા એક **પરિવર્તનની...**
- અર્પણતા **પોતાના અવગુણોને વિદાય આપવાની...**
- અર્પણતા **પોતાના અહંકારને ઓગાળવાની...**
- **પોતાના જીવનને ગુરુઆજ્ઞામય બનાવવાની...!**

**ગુરુપૂર્ણિમાના આ પાવન અવસરે...**

## શિષ્ય હૃદય પોતાના ગુરુચરણોમાં
# શું અર્પણ કરવા માંગે છે?

**તમારા અંતરના ભાવોને શબ્દ આપો...**

મારી અર્પણતા ..........................................................

**તમારા ભાવોને અભિવ્યક્ત કરવા**
**WhatsApp દ્વારા મોકલો**

Whatsapp Number
**+91 84606 50535**

અથવા

**QR Code Scan**
કરીને તમારા
ભાવો મોકલો

**પસંદગી પામેલા ભાવ આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે**

“ ગુરુ એ હોય જેમને કાંઈ જોતું ન હોય...
શિષ્ય એ હોય જેમણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હોય ”

# એક પ્રશ્ન...
## અનેક જીવનનો વળાંક...



જીવનમાં એવા કેટલાય પ્રશ્નો આવે છે,
જેનો જવાબ પુસ્તકોમાં નથી મળતો...

પણ એક માર્ગદર્શકની એક વાત
જીવનની દિશા બદલી દેતી હોય છે.

**જૈન ક્રાંતિના માધ્યમે છેલ્લા ઘણા વર્ષોથી
પરમ ગુરુદેવના articles દ્વારા માર્ગદર્શન મળવાથી
હજારો જીવનોએ નવી દિશા મેળવી છે.**

## પ્રશ્ન આપનો...
## સમાધાન પરમ ગુરુદેવનું...

**હવે પ્રશ્ન તમારી પાસે છે...**

## આજના સમયમાં તમને સૌથી વધુ કઈ બાબત પર પરમ ગુરુદેવનું માર્ગદર્શન જોઈએ છે?

- **A** Anger Control
- **B** Success in life
- **C** Time Management
- **D** Past Memories

**તમારો પ્રતિભાવ નીચે મુજબ WhatsApp કરો**

For Example:
1 - C
(પ્રશ્ન ૧ – Time Management)

WhatsApp Number
**+91 84606 50535**

અથવા

QR Code Scan
કરીને તમારા
પ્રતિભાવ મોકલો

**સૌથી વધુ પ્રતિસાદ મેળવનારા વિષય પર આગામી અંકમાં વિશેષ માર્ગદર્શન પ્રકાશિત કરવામાં આવશે.**

**“ જિજ્ઞાસા જ જ્ઞાનના દ્વાર સુધી પહોંચાડે છે ”**











રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી

**SARVA MANGAL FAMILY TRUSTના**

**શ્રી મનુભાઈ શાહના 82nd જન્મદિવસ અવસરે**

અર્હમ યુવા સેવા ગ્રુપ, સોહમ સેવા ગ્રુપ અને પરમ સેવાના શ્રમદાનથી



**PEDAL TO PROGRESS**

અભિયાન અંતર્ગત

ભારતના વિવિધ ક્ષેત્રોના નાના-નાના ગ્રામ વિસ્તારના
ભણવામાં હોંશિયાર અને 3 થી 4 km ચાલીને School એ જતાં

**8200 Students ને Cycles અર્પણ થતાં**

તેઓના ચહેરા પર વ્યાપ્ત થઇ સ્વપ્ન સાકારની મધુરી પ્રસન્નતા!



**ઉદારદિલ સહયોગ**

શ્રી મનુભાઈ શાહ - શ્રી રીકાબેન શાહ USA

Let All Be Happy | MSI Charitable Trust | SHAH HAPPINESS FOUNDATION

SOHAM SEVA GROUP | ARHAM YUVA SEVA GROUP | Param Seva









**CYCLE**

**આપણને સંદેશ આપે છે**

Lifeમાં ભલે પડી જાવ પણ
હિંમતનું Handle અને
પુરુષાર્થનું Pedal છોડ્યા વિના
આગળ વધતાં રહેવું
- પરમ ગુરુદેવ

**CYCLE અર્પણ ક્ષેત્રો**

પરમધામ, વસઇ, ચેન્નાઈ,
કોલકાતા, અમરાવતી,
બેંગ્લોર, રાજકોટ,
ભાવનગર, કચ્છ-ભૂજ,
અમદાવાદ

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.